॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

# લાખોના તારણહાર મહંતસ્વામીજી

(મહંતસ્વામી મહારાજનાં ભજનોનો ધ્વનિમુદ્રિત સંગ્રહ)

## ટ્રેક ૧ મંગલાચરણ

(હરિગીત)

મહારાજ! આપની અતિ કૃપા નિજ ધામથી અહીં અવતર્યા,

તેથી અધિક કરુણા ગુણાતીત સંત માંહિ પ્રગટ રહ્યા;

અમ ભાગ્યનો તો પાર નહિ નિજના ગણી ખોળે લીધા,

નિશ્ચય કરાવી છતી દેહે ધામનાં સુખ દઈ દીધાં.

હે હરિ નમું, અક્ષર નમું, નમું ભગતજી શાસ્ત્રીજીને;

નમું યોગીજી, નમું પ્રમુખજી, નમું પ્રગટ મહંતસ્વામીને.

કવિઃ સાધુ મધુરવદનદાસ

ગાયકોઃ સાધુ મધુરવદનદાસ, સાધુ ગુરુદર્શનદાસ, સાધુ કેશવકીર્તનદાસ, સાધુ નારાયણકીર્તનદાસ અને ગાયકવૃંદ

## ટ્રેક ૨ મળિયા મહંત સ્વામી

ધન્ય ધન્ય છે ભાગ્ય અમારાં, આનંદ અપરંપાર,
        મળિયા મહંત સ્વામી. ધ્રુવ.

સંવત ઓગણીસસો ને નેવ્યાશીની સાલમાં,
પ્રગટ થયા છે સ્વામી જબલપુર ગામમાં;
        વિનોદ વાધ્યો અપાર. પ્રગટ્યા મહંત સ્વામી. ૧

શાસ્ત્રીજી મહારાજે આશિષ અર્પ્યાં,
પિતા મણિભાઈ સાંભળીને હરખ્યા;
        કરશે મોટાં મોટાં કામ. પ્રગટ્યા મહંત સ્વામી. ૨

યોગીજીનો એ સંકલ્પ બળિયો,
સાધુ એકાવન કરવાનો ઝીલિયો;
        પહેલ કીધી છે આ વાર. પ્રગટ્યા મહંત સ્વામી. ૩

યોગીજીને ખૂબ રાજી કીધા છે,
પ્રમુખ સ્વામીના પડછાયા થ્યા છે;
        હૈયે હરિ ધારનાર. પ્રગટ્યા મહંત સ્વામી. ૪

પ્રમુખસ્વામીનું સ્વરૂપ આપ છો,
સાધુતાના શણગારે શોભો છો,
        લાખોના તારણહાર. પ્રગટ્યા મહંત સ્વામી. ૫

કવિઃ સાધુ મધુરવદનદાસ
ગાયકઃ સાધુ સૌમ્યકીર્તનદાસ, સાધુ સારંગકીર્તનદાસ અને ગાયકવૃંદ

## ટ્રેક ૩ વ્હાલા મહંતસ્વામી મહારાજ, વંદન કરીએ વારંવાર

વ્હાલા મહંતસ્વામી મહારાજ, વંદન કરીએ વારંવાર;
વંદન કરીએ વારંવાર સ્વામી સૌના છો આધાર. વ્હાલા. ટેક

ગુરુ યોગીજીને રીઝવિયા, પ્રમુખસ્વામીને મનમાં વસિયા,
પ્રગટ ગુરુહરિ હિતકાર, વંદન કરીએ વારંવાર. વ્હાલા.. ૧

સંપ તણી સંજીવની દીધી, ધર્મધુરા સંભાળી લીધી,
કરુણા કીધી અપરંપાર, વંદન કરીએ વારંવાર. વ્હાલા.. ૨

ભક્તોને એકાંતિક કરવા, વિચરે વા’લો તજી તન પરવા,
વા'લે ખોલ્યું મોક્ષનું દ્વાર, વંદન કરીએ વારંવાર. વ્હાલા ૩

કર જોડીને કે’ વનમાળી, સેવકને લેજો સંભાળી,
હે શરણાગતના પ્રતિપાળ, વંદન કરીએ વારંવાર. વ્હાલા.. ૪

કવિ: વનમાળીદાસ
ગાયકોઃ સાધુ પ્રણવમુનિદાસ, સાધુ ભજનપ્રિયદાસ અને ગાયકવૃંદ

## ટ્રેક ૪ કેવું છે મહંત સ્વામી ! આ તમારું રૂપ

કેવું છે મહંત સ્વામી! આ તમારું રૂપ
તમે અક્ષર છો સહજાનંદનું સ્વરૂપ... ધ્રુવ૦

શરણે તમારે કોઈ માથું નમાવતા,
ત્રિવિધ તાપ તેના પળમાં મિટાવતા;
ઝૂમે આંખોમાં અમૃતનો દરિયો અનૂપ... ૧

તમે સ્પર્શો ને પાપપુંજ દોષો ભાગે,
જગ છૂટે ને હરિવરમાં પ્રીતિ જાગે;
એક દૃષ્ટિમાં ભાંગો છો ભવભવની ભૂખ... ૨

તમે પગલું માંડો ત્યાં તો તીરથ પ્રગટે,
વળી વેણ વેણ દિવ્યભાવ મહિમા છલકે;
ગુણે ગરીબને કરી દીધા એકાંતિક ભૂપ... ૩

પ્રમુખસ્વામી ને યોગીજી તુજમાં દરસે
રહ્યા રોમ રોમ પુરુષોત્તમ કરુણા વરસે
તવ ભક્તોને કરજો અક્ષરબ્રહ્મરૂપ... ૪

કવિ: સાધુ અક્ષરજીવનદાસ
ગાયકોઃ સાધુ યોગીપ્રેમદાસ અને ગાયકવૃંદ

## ટ્રેક ૫ દિવ્ય છે સર્વે દિવ્ય છે

દિવ્ય છે સર્વે દિવ્ય છે...દિવ્ય છે સર્વે દિવ્ય છે..
મુક્ત છે સર્વે મુક્ત છે...મુક્ત છે સર્વે મુક્ત છે...

દિવ્ય છે દિવ્ય છે દિવ્ય છે રે, સ્વામી સબંધે સૌ દિવ્ય છે રે.
મુક્ત છે મુક્ત છે મુક્ત છે રે, સ્વામી સબંધે સૌ મુક્ત છે રે.
મહંતસ્વામી સબંધે સૌ દિવ્ય છે રે..
મહંતસ્વામી સબંધે સૌ મુક્ત છે રે..

દિવ્યતા જ નીરખું ને દિવ્યતા જ સાંભળું;
દિવ્યતા ઉચ્ચારું ને દિવ્યતા વિચારું;
દિવ્યતાના હૃદયે ધબકે ધબકાર....૧

નાના આ ભૂલકાઓ પૂર્વના મુક્ત છે ;
બાળકો યુવાનો ને વૃદ્ધો પણ મુક્ત છે
મુક્તોના સાથમાં આનંદ ઉભરાય....૨

આપ બિરાજ્યા એ શ્રીજી બિરાજ્યા;
પ્રગટ અક્ષરધામ મુકતો પ્રગટ છે;
દિવ્યભાવે ખોલ્યું છે મોક્ષનું દ્વાર....૩

આનંદો આનંદો આનંદો, ભક્તો સૌ દિવ્ય છે આનંદો;
આનંદો આનંદો આનંદો, ભક્તો સૌ મુક્ત છે આનંદો;

કવિ: સાધુ જ્ઞાનેશ્વરદાસ
ગાયકઃ સાધુ મધુરકીર્તનદાસ અને ગાયકવૃંદ

## ટ્રેક ૬ પરમ એકાંતિક સંત, મહંતસ્વામી

પરમ એકાંતિક સંત, મહંતસ્વામી, પરમ એકાંતિક સંત...
મહિમા અપાર અનંત, મહંતસ્વામી, પરમ એકાંતિક સંત... ટેક

શ્રીહરિ ઉચરે વચનામૃતમાં, મોક્ષનું દ્વાર છે સંત.... મહંતસ્વામી...૧

દિવ્ય અલૌકિક પાવનકારી, શમ, દમને શીલવંત... મહંતસ્વામી...૨

શાસ્ત્રકથિત સદ્‌ગુણના સિંધુ, ગુણાતીત ગુણવંત... મહંતસ્વામી..૩

યોગી પ્રમુખના લાડકવાયા, બ્રહ્મસ્વરૂપ પરખંત.... મહંતસ્વામી...૪

સુખસાગરમાં ઝૂલે વનમાળી, પ્રગટ મળ્યા ભગવંત..મહંતસ્વામી...૫

કવિ: વનમાળીદાસ
ગાયકઃ સાધુ મધુરવદનદાસ અને ગાયકવૃંદ

## ટ્રેક ૭ લાગી રે મુને લાગી રે, મહંત સ્વામીમાં લગની મુજને લાગી રે

લાગી રે મુને લાગી રે, મહંત સ્વામીમાં લગની મુજને લાગી રે...
જાગી રે પ્રીત જાગી રે, મહંત સ્વામીમાં પ્રીત આજ મારે જાગી રે... ટેક

હળવે હસીને મારે ખોરડે રે આવ્યા, આજ મારા અંતરના ઓરડે રે આવ્યા;
નાચી રે હું તો નાચી રે, આવ્યા આવ્યા મારા ઉરમાં હું નાચી રે... લાગી રે મુને લાગી રે (૧)

મીઠું મલકીને સ્વામી ધીમું ધીમું બોલતા, હેત કરી સૂતો મારો આતમ ઢંઢોળતા;
વારી રે હું તો વારી રે, મહંત સ્વામીના મીઠા મરકલડે વારી રે... લાગી રે મુને લાગી રે (૨)

અંગોઅંગે એના શ્રીજી મલકાય છે, હૈયામાં મહિમાનો સાગર છલકાય છે;
બડભાગી રે બડભાગી રે , મહંત સ્વામીને પામી હું બડભાગી રે... લાગી રે મુને લાગી રે (૩)

ધર્મનિયમ ને નિષ્ઠા દૃઢાવતા, દાસભાવ એકતાનું અમૃત પિવડાવતા;
વાગી રે મીઠી વાગી રે, મહંત સ્વામીના મુખની મોરલી વાગી રે... લાગી રે મુને લાગી રે (૪)

કવિ: ઈન્દ્રજિત ચૌધરી
ગાયકોઃ સાધુ વિનમ્રસ્વરૂપદાસ, સ્વસ્તિક ભગત અને ગાયકવૃંદ

## ટ્રેક ૮ મહંતસ્વામીજી આંખોથી બોલે છે

એની પાંપણના ધીમા મધમીઠા ટકોરા, મુજ અંતરનાં પ્રેમદ્વાર ખોલે છે,
મારા સ્વામીજી આંખોથી બોલે છે;
એના કામણમાં જગ આખું ડોલે છે,
મારા સ્વામીજી આંખોથી બોલે છે, મહંતસ્વામીજી આંખોથી બોલે છે. ધ્રુવ

ભાષાનાં બંધનને અળગાં મૂકી એ તો દૃષ્ટિનો દરિયો છલકાવે,
શબ્દોનાં વાદળાંઓ વામણાં પડે એ તો આભ ભરી પ્રેમ વરસાવે;
વ્હાલો નયનોથી હૃદિયાં ઢંઢોળે છે, મારા સ્વામીજી આંખોથી બોલે છે,
મહંતસ્વામીજી આંખોથી બોલે છે. ૧

મીઠી તલાવડીશી નાની બે આંખ, જ્યિાં હૂંફાળાં હેત લહેરાતાં,
અમે તો હંસલા એમાં રમનારા, એને ભાળી સઘળું ભૂલી જાતા;
મને દિવ્યતાના નીરમાં ઝબોળે છે, મારા સ્વામીજી આંખોથી બોલે છે;
મહંતસ્વામીજી આંખોથી બોલે છે...૨

આંખોથી છલકે ને આંખોથી મલકે, એ ભેટી લે આંખોથી પળમાં,
હૈયેથી સાંભળીએ તો જ સંભળાય, સૌને ન્યાલ કરી દે છે પલકમાં;
એ તો નિત્ય નવો પ્રેમરસ ઢોળે છે, મારા સ્વામીજી આંખોથી બોલે છે;
મહંતસ્વામીજી આંખોથી બોલે છે...૩

કવિ: સાધુ કેશવકીર્તનદાસ
ગાયકઃ સાધુ કેશવકીર્તનદાસ અને ગાયકવૃંદ

## ટ્રેક ૯ મહંત સ્વામી શ્રીજી સંગે અખંડ સુખડાં માણે રે

મહંતસ્વામી શ્રીજી સંગે અખંડ સુખડાં માણે રે,
અહો! દિવ્યતા અક્ષર કેરી જોનારા જન જાણે રે... ટેક

પ્રમુખ છે હળવા ફૂલ સમા એ, હરિને કર્તા જાણે રે.
ડંકા મારે દિગંતમાં એ, ગુરુચરણે યશ આણે રે... મહંત સ્વામી ૧

ધર્મગુરુ છે પણ પોતે એ, માને નહિ કોઈ કાળે રે.
દાસભાવે સૌને નમે એ, સૌમાં હરિવર ભાળે રે.... મહંત સ્વામી ૨

હરિ મળવાનો સેતુ અક્ષર, મુનિવર જેને ખોળે રે,
આવી મળિયા મુજને હેતે, પુરુષોત્તમમાં જોડે રે.... મહંત સ્વામી ૩

કવિ: સાધુ વિવેકશીલદાસ
ગાયકઃ સાધુ ગુરુદર્શનદાસ અને ગાયકવૃંદ

## ટ્રેક ૧૦ એક ઓલિયો લૂંટાવાને બેઠો

એક ઓલિયો લૂંટાવાને બેઠો, લૂંટાય તો લૂંટી લેજો
એ તો સઘળાં કમાડ ખોલી બેઠો, લૂંટાય તો લૂંટી લેજો...ટેક

ઊંચેરા ધામનો એ તો રહેનાર, નિત્ય બેઠો છે હરિવરના ખોળે,
કાયમનો માયાથી પાર એહ અક્ષરને ભાળી શકો ના દિ' ધોળે;
 એ જ આવ્યો કરુણા કરી હેઠો, લૂંટાય તો લૂંટી લેજો...૧

જેને ના ગણતી બ્રહ્માંડોની કેટલાંય ઊડતાં ફરે છે રોમરોમમાં,
એટલું વિરાટ ને અમાપ એનું રૂપ એ તો વ્યાપી રહ્યો છે ધરા વ્યોમમાં;
 એ જ માનુષી તન ધરી બેઠો, લૂંટાય તો લૂંટી લેજો...૨

હરિવરને ધારી રાખ્યા અંગોઅંગ, જેની મૂર્તિમાં દર્શન ઘનશ્યામનાં,
જેને મળતાં છૂટે ભવભવના ફંદ, જેના શરણે સુખડાં અક્ષરધામનાં;
 એ જ સ્વામી મહંતરૂપે બેઠો, લૂંટાય તો લૂંટી લેજો...૩

કવિ: સાધુ કેશવકીર્તનદાસ
ગાયકોઃ સાધુ નારાયણકીર્તનદાસ, સાધુ અક્ષરસ્મરણદાસ અને ગાયકવૃંદ

# ટ્રેક ૧૧ મુજ આગે મહંતજી

મુજ આગે મહંતજી મલકાતું મૌન બનો, પછવાડે ઘૂઘવતો સાગર;
ને કો'ક્વાર બોલો તે હૈયે જડાય, જેમ દૂધ મહીં ઓગળતી સાકર. મુજ. ધ્રુવ

બોલવાનું સોંપ્યું છે આપે તો આંખોને, એમાંય મર્મ નહીં ઓછો,
બીજામાં રહીને કૈં કો' ત્યારે પરખાયે, મરમાળા મૌન તણો ટોચો;
મારી આ મૂર્તિને ઘડવાનો આપે તો કેવો કીધો છે સમાદર! મુજ આગે. ૧

એક જ મુસ્કાનનાય મરજીવા બનતાં તો દેખાતાં લાખેણાં મોતી,
તળિયે જે પહોંચ્યા તે પામ્યા એવું, જેને હાર્યા મોટા ગોતી ગોતી;
કીધું કહેવાય નહીં પીધું પિવાય, એને પીધું તે પામ્યા રત્નાકર. મુજ. ૨

સુણતાં તો ફૂલથીય કોમળ પણ વજ્જર શાં હૈયાંને નાખે એ છેદી,
અચરજ એ બોલ મહીં બંધાણો તોય હું તો મુક્ત થયો જન્મોનો કેદી;
છાણાં વીણંતી જે આવી તેનેય મહામૂલું પે'રાવ્યું પાનેતર. મુજ આગે. ૩

કવિ: સાધુ મધુરવદનદાસ
ગાયકઃ સાધુ ગુરુનયનદાસ અને ગાયકવૃંદ

## ટ્રેક ૧૨ જીવો વર્ષ હજારોહજાર મહંતસ્વામીજી

જીવો વર્ષ હજારોહજાર મહંતસ્વામીજી,
લાખોના તારણહાર મહંતસ્વામીજી. ૧
તમે સ્વસ્થ રહોને સદાય મહંતસ્વામીજી,
અમ સૌના જીવનપ્રાણ મહંતસ્વામીજી. જીવો વર્ષ. ૨

તમે જ્ઞાન તણા દાતાર, મહંતસ્વામીજી,
સૌનું પરમ હિત કરનાર, મહંતસ્વામીજી. ૩
સૌને ગુણાતીત કરનાર, મહંતસ્વામીજી,
તમે બ્રહ્મધામ દેનાર, મહંતસ્વામીજી. જીવો વર્ષ. ૪

સાધુતા તેજ અપાર, મહંતસ્વામીજી,
સદ્‌ગુણ છે પારાવાર, મહંતસ્વામીજી. ૫
હરિને હૃદિયે ધરનાર, મહંતસ્વામીજી,
સૌને અંતર વસનાર, મહંતસ્વામીજી. જીવો વર્ષ. ૬

યોગીને રીઝવનાર, મહંતસ્વામીજી,
પ્રમુખજીના વારસદાર, મહંતસ્વામીજી. ૭
હરિનું સ્વરૂપ આ વાર, મહંતસ્વામીજી,
તમે અક્ષરના અવતાર, મહંતસ્વામીજી. જીવો વર્ષ. ૮

કવિ: સાધુ મધુરવદનદાસ
ગાયકઃ સાધુ શોભિતસ્વરૂપદાસ અને ગાયકવૃંદ